# શ્રી નવગામ દશા દિશાવાળ વણિક જ્ઞાતિ સમાજ
# SHRI NAVGAM DASHA DISHAWAL VANIK GNATI SAMAJ
Trust Reg. No.: A/855 - PATAN (01-02-2005) • IT PAN : AAFTS4157B
બી/૧૬, મારૂતિ કોમ્પ્લેક્ષ, સિદ્ધરાજ જયસિંહ રોડ, સિદ્ધપુર-૩૮૪૧૫૧. M : 6359 555 755 E-mail : navgamsamaj@gmail.com

## નવગામ જ્ઞાતિસંઘ (યુવાસંઘ-૨૦૨૩)

તા.૨૯-૧૦-૨૦૨૩

આદરણીય જ્ઞાતિજનો,

શ્રી સિદ્ધાંબિકા માતાજીની અસીમ કૃપાથી શ્રી નવગામ દશા દિશાવાળ વણિક જ્ઞાતિ સમાજના સર્વે જ્ઞાતિજનો માટે જ્ઞાતિસંઘનું આયોજન આગામી તા.૨૨.૧૨.૨૦૨૩, માગસર સુદ-૧૧, શુક્રવાર થી તા. ૨૫.૧૨.૨૦૨૩, માગસર સુદ ચૌદસને સોમવાર સુધી, આપણાં કુળદેવી શ્રી સિદ્ધાંબિકા માતાજીના મંદિર, જુના ડીસા મુકામે યોજેલ છે. જેની આપ સર્વેને અગાઉના પરિપત્ર દ્વારા જાણકારી મળી ગયેલ હશે.

આપણાં સમાજના જ્ઞાતિસંઘ-૨૦૧૮ પછી પાંચ વર્ષે આપણે ફરી આ મેળાવડામાં મળી રહ્યા છીએ. એટલે સ્વાભાવિક રીતે આ અવસરને માણવાનો આપણાં સૌનો અનેરો ઉત્સાહ અને અભિલાષા છે. જ્ઞાતિસંઘ એટલે આત્મીયજનોનું ભાવપૂર્ણ મિલન, ભાઈચારાનું વાતાવરણ, કૌટુંબિક નિકટતા અને સહવાસ. સર્વે જ્ઞાતિજનોએ જ્ઞાતિસંઘમાં હાજર રહેવાની તૈયારીઓ પણ શરૂ કરી દીધેલ છે. તેની પ્રતીતિ અમોને મુંબઈ, વડોદરા, ડીસા, પાલનપુર, સિદ્ધપુર, ઊંઝા, મહેસાણા, સુરત, અમદાવાદના જ્ઞાતિજનોને ''જ્ઞાતિસંઘના આમંત્રણ'' પાઠવવા માટેની રૂબરૂ મુલાકાત પ્રસંગે જાણવા મળી, જેનો ખરેખર અમોને આનંદ છે.

આ વખતે જ્ઞાતિસંઘને ''યુવા સંઘ'' તરીકે યોજવવો તથા સમગ્ર કામગીરીમાં યુવાપેઢીને પ્રાધાન્ય આપવું પણ ઘરડા વગર ગાડા ના વળે એટલે સૌને સાથે રાખવા તેવું કારોબારી મિટિંગમાં નક્કી કરવામાં આવ્યું હતું. આ યુવા સંઘની તૈયારીના ભાગરૂપે જ્ઞાતિસંઘ કન્વીનરશ્રીઓ, હોદેદારો, ટ્રસ્ટીગણ સાથેની ''જ્ઞાતિસંઘનું રૂબરૂ આમંત્રણ'' પાઠવવા માટેની મુંબઈની પ્રથમ મુલાકાત પ્રસંગે મળેલ સુંદર પ્રતિસાદથી, જ્ઞાતિસંઘની તૈયારીમાં એક અનેરું જોમ પ્રગટ્યું હતું. જેમાં યુવા જ્ઞાતિજનો સાથે થયેલ ગ્રુપ ડિસ્કશનમાં તેમના નવીન વિચારો અને સૂચન ઘણા આવકાર્ય હતા. બીજી મુલાકાત વડોદરા મુકામે થઈ અને વડોદરા જ્ઞાતિજનો તરફથી મળેલ પ્રેમસભર આવકાર એ અમારું કાયમનું સંભારણું બની રહેશે. પછી જ્ઞાતિજનોને આમંત્રણ પાઠવવા માટેની અમારી રાહમાં આગળ ડગ માંડતા અમો મહેસાણા મુકામે પહોચ્યા. ત્યાંની જ્ઞાતિજનોની બહોળી હાજરી અને પરસ્પર સાથે રહીને સુચારું આયોજન કેમ કરી શકાય તે જાણવા મળ્યું તેમજ સૌ સાથે સંઘ-૨૦૨૩ ની ચર્ચા કરીને તેમના નવીન વિચારો જાણીને અનહદ આનંદ અનુભવ્યો હતો.

ત્યારબાદ અમારી આમંત્રણ પાઠવવા માટેની મુલાકાત ડીસા મુકામે જ્ઞાતિજનો સાથે થઈ. જેમ સરકારમાં આપણે ૧૦૮ નંબર ઉપર કોલ કરીએ અને તરત આપણને આગ, પોલીસ કે એમ્બ્યુલન્સ સેવા મળી જાય તેવુજ ડીસાના જ્ઞાતિજનો માટે આપણે કહી શકીએ. જ્ઞાતિસંઘની કોઈ પણ કમિટી હોય કે કામ હોય તેમની એકતાના દર્શન હરહમેશ થતાં હોય છે અને તેઓ જ્ઞાતિજનોની સેવા માટે સદૈવ તત્પર હોય છે. પાલનપુરના જ્ઞાતિજનો દ્વારા ઉમળાભેર આવકાર-સ્વાગત અને તેમની જ્ઞાતિસંઘમાં કામ માટે કોઈપણ કમિટીમાં ભાગ લેવાની તત્પરતા જોઈને સર્વે હોદ્દેદારોમાં આનંદની લાગણી પ્રસરાઈ ગઈ. ત્યારબાદ અમારી મુલાકાત સિદ્ધપુર મુકામે થઈ. સિદ્ધપુર એટ્લે માતૃગયા જયાં થાય છે તેવી પવિત્ર નગરી કે જયાંના લગભગ બધા ઘરોમાથી કોઈના કોઈ સભ્યએ સમાજના હોદ્દેદાર રહીને સેવા આપવાનો લાભ લીધો છે. એવી નગરીમાં મોટી સંખ્યામાં જ્ઞાતિજનો હાજર રહીને તેમજ સંઘ કન્વીનરશ્રીઓ અને હોદેદારોનું પુષ્પગુચ્છ આપીને ભવ્ય સ્વાગત કરવામાં આવ્યુ હતુ.

સંઘ-૨૦૨૩ ની શરૂઆત જ એટલી સુંદર થઈ હતી કે આપણને આપણાં સમાજમાથી કોઈપણ જાતના આગ્રહ કર્યા વગર જ બે પરીવાર - શ્રી કનુભાઈ ચીમનલાલ શાહ - મહેસાણા તેમજ શ્રી ધનવંતભાઈ પોપટલાલ શાહ માથી સંઘપતિ બનવા માટેની ઈચ્છા દર્શાવી હતી. તે બદલ બંને પરીવાર નો સમાજ ખૂબ ખૂબ આભારી છે. તા.૧૭.૦૮.૨૦૨૩ને પવિત્ર શ્રાવણ માસના પ્રથમ દિવસે દેવાધિદેવ મહાદેવજીના આશીર્વાદ અને આજ્ઞાથી શ્રી ધનવંતભાઈ પોપટલાલ શાહ પરિવાર-અમદાવાદ ને સંઘપતિ બનવાનો લ્હાવો મળેલ છે.

રૂબરૂ મુલાકાતના આગળના પડાવમાં અમોએ સચિન,સુરતની મુલાકાત લીધી હતી. સચિન, સુરતના જ્ઞાતિજનોમાં હોદેદારો તેમજ સંઘકન્વીનરશ્રીઓના આગમનથી અનેરો ઉત્સાહ વ્યાપ્યો હતો અને સંઘમાં પોતે હાજરી આપીને સંઘને સફળ બનાવવા માટેની તત્પરતા બતાવી હતી. ''જ્ઞાતિસંઘનું રૂબરૂ આમંત્રણ'' પાઠવવા માટે હોદેદારો દ્વારા પસવાદળ, છાપીના જ્ઞાતિજનોને રૂબરૂમાં આમંત્રણ પાઠવેલ હતું. અમારો આગળનો પડાવ અમદાવાદના જ્ઞાતિજનોને પ્રત્યક્ષ જઈને સંઘ માટેના આમંત્રણ પાઠવવા માટેનો થયો. અમદાવાદના જ્ઞાતિજનો દ્વારા સર્વ હોદેદારોનું માનભેર સ્વાગત કરવામાં આવ્યું હતું.

સંઘમાં હાજરી આપવા માટેના પ્રત્યક્ષ નિમંત્રણથી જ્ઞાતિજનોમાં અનેરો ઉત્સાહ જોવા મળેલો હતો અને સ્વેચ્છાએ જ્ઞાતિસંઘમાં ભેટ લખાવીને સમાજના આર્થિક વિકાસમાં સહયોગ આપેલ છે. આવો ઉત્સાહ જ્ઞાતિજનોમાં જોઈને જ્ઞાતિસંઘમાં નવો પ્રાણપુર્યો હોય તેવો જોમ દરેક હોદ્દેદારોમાં આવી ગયો છે.

# જ્ઞાતિસંઘ ૨૦૨૩ માટેના કાર્યક્રમની રૂપરેખા

## તા.૨૨-૧૨-૨૦૨૩, શુક્રવાર

| સમય | વિગત |
|---|---|
| સવારે ૯.૦૦ થી ૧૦.૦૦ | ચ્હા - નાસ્તો (સ્પોર્ટસ ક્લબ-નવા ડીસા) |
| સવારે ૯.૩૦ થી બપોરે ૩.૦૦ | રમત ગમત કાર્યક્રમ (સ્પોર્ટસ ક્લબ-નવા ડીસા) |
| બપોરે ૧૨.૦૦ થી ૧.૦૦ | સ્વરૂચિ ભોજન (સ્પોર્ટસ ક્લબ-નવા ડીસા) |
| સાંજે ૫.૦૦ થી | નવગામ સભ્યોનું આગમન તથા રજિસ્ટ્રેશન (માતાજી મંદિર પરીસર, જુના ડીસા) |
| સાંજે ૭.૦૦ થી ૭.૩૦ | માતાજી સંધ્યા આરતી (ટ્રસ્ટ ચેરમેન,સંઘ કન્વીનર તેમજ હોદ્દેદારો દ્વારા) |
| સાંજે ૭.૩૦ થી ૮.૦૦ | દીપ પ્રાગટ્ય અને સંઘપતિ પરિવારનું સ્વાગત |
| સાંજે ૮.૦૦ વાગે | સ્વરૂચિ ભોજન |
| રાત્રે ૧૦.૦૦ થી | સંગીત, ડાન્સ સાથે કેમ્પ ફાયર |

## તા.૨૩-૧૨-૨૦૨૩, શનિવાર

| સમય | વિગત |
|---|---|
| સવારે ૬.૦૦ થી ૭.૦૦ | યોગાસન / મેડીટેશન |
| સવારે ૬.૦૦ થી ૭.૦૦ | માતાજીનો અભિષેક, પાદુકા પૂજન અને આરતી (દાતાશ્રી પરિવાર દ્વારા) |
| સવારે ૮.૦૦ થી ૯.૩૦ | ચ્હા - નાસ્તો |
| સવારે ૧૦.૦૦ થી ૧૨.૦૦ | મોટિવેશનલ સ્પીકર અથવા યુવાઓ માટેનો પ્રોગ્રામ |
| બપોરે ૧૨.૦૦ થી ૨.૦૦ | સ્વરૂચિ ભોજન |
| બપોરે ૨.૦૦ થી ૫.૦૦ | માતાજીની શોભાયાત્રા માટે ની ઉછામણી / હવન ની ઉછામણી / લકી ડ્રો |
| સાંજે ૫.૦૦ થી ૭.૦૦ | હાઉસી ની રમત (તેમજ નાના બાળકો માટે કાર્યક્રમ). |
| સાંજે ૭.૦૦ થી ૭.૩૦ | માતાજી સંધ્યા આરતી (ઉછામણી દ્વારા) |
| સાંજે ૭.૩૦ થી ૯.૦૦ | સ્વરૂચિ ભોજન |
| રાત્રે ૯.૦૦ થી ૧૨.૦૦ | સાંસ્કૃતિક કાર્યક્રમ - ૧ |

## તા.૨૪-૧૨-૨૦૨૩, રવિવાર

| સમય | વિગત |
|---|---|
| સવારે ૬.૦૦ થી ૭.૦૦ | ઝૂમ્બા |
| સવારે ૬.૦૦ થી ૭.૦૦ | માતાજીનો અભિષેક, પાદુકા પૂજન અને આરતી (સંઘપતિ પરિવાર દ્વારા) |
| સવારે ૮.૦૦ થી ૯.૩૦ | ચ્હા - નાસ્તો |
| સવારે ૮.૦૦ વાગે | હવન ની શરૂઆત |
| સવારે ૯.૦૦ થી ૧૦.૦૦ | માતાજીને ધજા આરોહણ કાર્યક્રમ |
| સવારે ૧૦.૦૦ થી ૧૧.૩૦ | સંઘપતિ પરિવાર તેમજ દાતાશ્રીઓનું સન્માન |
| સવારે ૧૧.૩૦ થી ૧૨.૦૦ | માતાજીનો અન્નકૂટ અને આરતી (દાતાશ્રી પરિવાર દ્વારા) |
| બપોરે ૧૨.૦૦ થી ૨.૦૦ | સ્વરૂચિ ભોજન |
| બપોરે ૨.૦૦ થી ૫.૦૦ | સામાન્ય સભા અને ઈનામ વિતરણ કાર્યક્રમ |
| સાંજે ૫.૦૦ થી ૭.૦૦ | માતાજીની શોભાયાત્રા |
| સાંજે ૭.૦૦ થી ૭.૩૦ | માતાજી સંધ્યા આરતી (શોભાયાત્રા પછી - ઉછામણી દ્વારા) |
| સાંજે ૭.૩૦ થી ૯.૦૦ | સ્વરૂચિ ભોજન |
| રાત્રે ૯.૦૦ થી ૧૨.૦૦ | સાંસ્કૃતિક કાર્યક્રમ - ૨ |

## તા.૨૫-૧૨-૨૦૨૩, સોમવાર

| સમય | વિગત |
|---|---|
| સવારે ૬.૦૦ થી ૭.૦૦ | માતાજીનો અભિષેક, પાદુકા પૂજન અને આરતી (ડ્રો રૂ. ૨૦૦/- દ્વારા) |
| સવારે ૧૦.૩૦ થી ૧૨.૦૦ | સંઘકન્વીનર, પ્રમુખ, ટ્રસ્ટ ચેરમેન, સર્વે કાર્યવાહક કમિટી |
| | તેમજ અન્ય કાર્યકર્તા નું સન્માન |
| બપોરે ૧૨.૦૦ થી ૨.૦૦ | સ્વરૂચિ ભોજન |
| બપોરે ૨.૦૦ થી | અન્નકૂટ પ્રસાદ તેમજ સ્મૃતિભેટ નું વિતરણ |

# || આગમન ની નોંધણી ||

**(REGISTRATION)**

રજીસ્ટ્રેશન માટે

જ્ઞાતિસંઘ દરમ્યાન જ્ઞાતિજનોને આવાસ તેમજ ભોજનની શક્ય તેટલી વધુ સારી સગવડો સાચવી શકાય તેવા શુભ આશયથી જ્ઞાતિસંઘમાં હાજર રહેનાર જ્ઞાતિજનો **QR CODE** સ્કેન કરીને ઓપન થતી વેબસાઇટમાં જરૂરી વિગતો ભરીને પોતાનું ઓનલાઇન રજિસ્ટ્રેશન કરાવી શકે છે. ફોર્મ સફળતાપૂર્વક ભરાયા બાદ આપને એક-બે દિવસમાં **SMS** કે **Whatsapp** દ્વારા સમાજ તરફથી જણાવવા આવશે. જે જ્ઞાતિજનોને ઓનલાઇન ફોર્મ ભરવામાં અગવડ પડતી હોય તેવા જ્ઞાતિજનો રજિસ્ટ્રેશન કમીટીના મુખ્ય સંયોજક શ્રી હાર્દિકભાઇ મહેશભાઇ શાહ (મો : 99258 99669) અને શ્રી સમીરભાઇ ગાંધી (મો : 98250 71287) નો સંપર્ક કરી શકે છે. તેમજ જે જ્ઞાતિજનો ઓનલાઇન ફોર્મ ભરવામાં અસમર્થ હોય તેવા જ્ઞાતિજનો જ માત્ર આ સાથે મોકલેલ રજિસ્ટ્રેશન ફોર્મમાં યોગ્ય વિગતો ભરીને તા.૧૦-૧૨-૨૦૨૩ સુધીમાં સમાજના ઇ-મેલ અથવા મુખ્ય સંયોજકના મોબાઇલ નંબર ઉપર વોટસએપ કરીને મોકલાવી શકે છે.

# || ઉતારા વ્યવસ્થા ||

**(ACCOMMODATION)**

આપણે સૌ જાણીએ છીએ કે આપણાં કુળદેવી માતાજીના સ્થાનક જુના ડીસા મુકામે મર્યાદિત સંસાધનો છે. અમો પૂરતા પ્રયત્નો કરી રહ્યા છીએ કે આપને કોઈ અગવડતા ના પડે. જે જ્ઞાતિજનોને જ્ઞાતિસંઘ દરમ્યાન જ્ઞાતિ દ્વારા ફાળવવામાં આવેલ રહેઠાણ વ્યવસ્થાને બદલે નવા ડીસા મુકામે હોટલમાં સ્વખર્ચે રહેવાની તૈયારી હોય, તેમના માટે વૈકલ્પિક વ્યવસ્થા ગોઠવેલ છે, તો આવા જ્ઞાતિજનોએ અગાઉથી તા. ૧૦-૧૨-૨૦૨૩ સુધીમાં પોતાનું નામ ઉતારા કમિટીના મુખ્ય સંયોજક શ્રી ભારતભાઈ શાહ (મોઃ 82385 11122) અને શ્રી સમીરભાઈ ગાંધી (મો. : 98250 71287) નો સંપર્ક કરીને લખાવી શકે છે.

| હોટેલ નું નામ | રુમ નો ચાર્જ (પ્રતિ દિવસ) | રીમાર્કસ |
|---|---|---|
| **હોટેલ અનંતતારા ગ્રીન**<br>(આશરે ૧૦ કિમી-જુના ડીસા મંદિરથી અંતર) | રૂ. ૨૦૨૦/-<br>(૧૨% GST સાથે) | બે વ્યક્તિ માટેનો ચાર્જ છે.<br>એકસ્ટ્રા વ્યક્તિ ૫૦૦/- પ્રતિ વ્યક્તિ |
| **હોટેલ પુષ્પાંજલી**<br>(આશરે ૮ કિમી-જુના ડીસા મંદિરથી અંતર) | રૂ. ૧૮૦૦/-<br>(૧૨% GST સાથે) | બે વ્યક્તિ માટેનો ચાર્જ છે.<br>એકસ્ટ્રા વ્યક્તિ ૨૦૦/- પ્રતિ વ્યક્તિ |
| **હોટેલ ડીસન્ટ**<br>(આશરે ૮ કિમી-જુના ડીસા મંદિરથી અંતર) | રૂ. ૧૬૧૫/-<br>(૧૨% GST સાથે) | ત્રણ વ્યક્તિ માટેનો ચાર્જ છે.<br>એકસ્ટ્રા વ્યક્તિ ૪૦૦/- પ્રતિ વ્યક્તિ |
| **હોટેલ દિપક**<br>(આશરે ૭ કિમી-જુના ડીસા મંદિરથી અંતર) | રૂ. ૧૨૦૦/-<br>(૧૨% GST સાથે) | ત્રણ વ્યક્તિ માટેનો ચાર્જ છે.<br>એકસ્ટ્રા વ્યક્તિ ૪૦૦/- પ્રતિ વ્યક્તિ |

નોંધ : દરેક હોટલમાં રૂમની સંખ્યા મર્યાદિત છે, માટે વહેલા તે પહેલાના ધોરણે રૂમની ફાળવણી કરવામાં આવશે.

# || યોગા / મેડીટેશન ||

*"સ્વસ્થ નવગામ, સમૃદ્ધ નવગામ"*

પહેલું સુખ તે જાતે નર્યા એ કહેવત અનુસાર પ્રથમ સુખ ખરેખર એ જ છે કે તમે જાતે તંદુરસ્ત અને નિરોગી રહો, કારણકે એક સ્વસ્થ તનની અંદર જ એક સ્વસ્થ મન રહી શકે છે, અને જીવનમાં કંઈ પણ પ્રાપ્ત કરવા માટે એક સ્વસ્થ અને સશક્ત મન હોવું અનિવાર્ય છે. એટલે જો સમૃદ્ધ જીવન જીવવું હોય તો તંદુરસ્ત શરીર અનિવાર્ય છે. આ અંતર્ગત તા.૨૩.૧૨.૨૦૨૩ ને શનિવાર સવારે ૬.૦૦ વાગે યોગા-મેડિટેશન તેમજ તા.૨૪.૧૨.૨૦૨૩ ને રવિવારે સવારે ૬.૦૦ વાગે ઝૂમ્બા ડાન્સનો કાર્યક્રમ આપણાં જ જ્ઞાતિજનો દ્વારા કરવામાં આવનાર છે. આપ સર્વેને વિનંતી કે આ કાર્યક્રમમાં ઉપસ્થિત રહીને તેમજ તેને અનુરૂપ વસ્ત્રો આપ સાથે લઈને આવશોજી.

**નોંધ : જ્ઞાતિ સંઘ દરમ્યાન અન્ય જ્ઞાતિ સમાજમાં પરણાવેલ બેન-દીકરીઓની સાથે તેમના પરિવારમાંથી તેમના પતિશ્રી અને અપરિણીત બાળકોને આમંત્રણ આપવામાં આવશે, પરંતુ જો તેમના પરિવારમાંથી પરિણીત પુત્ર-પુત્રીઓને સંઘમાં હાજરી આપવી હોય તો તેમણે વ્યક્તિદીઠ રૂ.૭૫૧/-ની ભેટ જ્ઞાતિમાં જમા કરાવવાની રહેશે.**

રજીસ્ટ્રેશન માટે

લોકેશન માટે

# || સ્પોર્ટ્સ ડે ||

*"ખેલેગા નવગામ તો બઢેગા નવગામ"*

આપણાં અલગ અલગ ગામ ના લોકોને મળીને તેમની સાથે વિચારોના આદાન-પ્રદાન થકી આ વખતે અમો ઘણા નવીન આયોજન દરેક ઉમર વર્ગ માટે કરવાનું નક્કી કરેલ છે. જે અંતર્ગત "ખેલેગા નવગામ તો બઢેગા નવગામ"ની શરૂઆત સ્પોર્ટ્સ સાથે તા. ૨૨.૧૨.૨૦૨૩ ને સવારે ૯.૦૦ વાગે થી ૪.૦૦ વાગ્યા સુધીમાં ડીસા સ્પોર્ટ્સ ક્લબ મુકામે કરવા જઈ રહ્યા છીએ. સ્પોર્ટસ ડે ના દાતા (વધુમાં વધુ ૩ દાતા) માટેની ન્યોછાવર રકમ રૂા. ૧,૨૧,૦૦૦/- રાખેલ છે.

સ્પોર્ટ્સ ડે માં જુદા જુદા ઉમરના જ્ઞાતિજનો માટે નીચે મુજબની રમતો રાખવામા આવેલ છે.

| વય મર્યાદા | રમત |
|---|---|
| ૩ થી ૫ વર્ષના બાળકો માટે | મેમરી ગેમ - દોડ - પાસીંગ ધી બોલ |
| ૩ થી ૧૦ વર્ષના બાળકો માટે | મેમરી ગેમ - બલૂન દોડ - લીંબુ ચમચો - દોડ |
| ૧૦ થી ૧૫ વર્ષના બાળકો માટે | બલૂન દોડ - લીંબુ ચમચો - સાતોલીયું - ગલી ક્રિકેટ |
| ૧૫ વર્ષથી ઉપરના ભાઈઓ માટે | ક્રિકેટ - ટેબલ ટેનિસ - બેડમિંટન - કેરમબોર્ડ |
| ૧૫ વર્ષથી ઉપરની બહેનો માટે | બેડમિંટન - ગલી ક્રિકેટ - સંગીત ખુરશી - લીંબુ ચમચો |

*"Sports build good habits, confidence and discipline. They make players into community leaders and teach them how to strive for a goal, handle mistakes and cherish growth opportunities" – Julie Foudy*

(૧) સ્પોર્ટ્સ ડેમાં ભાગ લેનાર દરેક જ્ઞાતિજનોએ વ્યવસ્થાના ભાગરૂપે **Online Google** ફોર્મ ભરવું ફરજિયાત છે. જેની અંતિમ તારીખ ૧૦/૧૨/૨૦૨૩ ને રવિવાર રહેશે. આપ ઉપર આપેલ **QR** કોડને સ્કેન કરીને પોતાનું રજીસ્ટ્રેશન ફોર્મ ભરી શકો છો. (૨) કોઈ પણ જ્ઞાતિજન મહત્તમ બે રમતમાં ભાગ લઈ શકશે. (૩) જે જ્ઞાતિજને પોતાનું **online** રજિસ્ટ્રેશન સમય મર્યાદામાં ના કર્યું અને સ્થળ ઉપર તાત્કાલિક રમતમાં ભાગ લેશે તેને એક રમતના ૫૦/- રૂપિયા ચાર્જ સમાજને આપવો પડશે. તેનો નિર્ણય સ્પોર્ટસ કમિટી લેશે. (૪) કોઈ પણ વિવાદિત સ્થિતિમાં અંતિમ નિર્ણય સ્પોર્ટ્સ કમિટીનો કે રમત રમાડનાર ગેમ જોકીનો આખરી ગણાશે. (૫) સમયની અનુકૂળતા ના હોય અને જો કોઈ રમત રદ કરવાની થાય તો તેનો નિર્ણય સ્પોર્ટ્સ કમિટી લેશે જે આપણને સૌને બંધનકર્તા રહેશે. (૬) સ્પોર્ટસ કમિટીના મુખ્ય સંયોજક શ્રી ભાવેશભાઈ શાહ (મો : **98250 05653**) અને શ્રી મિતેશભાઈ શાહ (મો : **99798 66021**) પાસે થી આપ વધુ જાણકારી મેળવી શકશો.

# || સ્ટોલ બુકિંગ ||

*"મારો ધંધો મારી ઓળખ"*

આપણાં (વાણિયા)માં લોકો પોતાનો નાનો મોટો વ્યવસાય કરતાં હોય છે અથવા તો પોતાનામાં કોઈ આગવી કળા હોય તેમજ કોઈ ગૃહ ઉદ્યોગ કરતાં હોય તો તેવા જ્ઞાતિજનો માટે આપણે આ જ્ઞાતિસંઘ માં **"મારો ધંધો મારી ઓળખ"** બેનર હેઠળ સ્ટોલનું આયોજન કરવા જઈ રહ્યા છીએ. જેથી જ્ઞાતિજનો પોતાના વ્યવસાયનો પ્રચાર-પ્રસાર કરી શકે અને પોતે પગભર થઈ શકે. આ માટેના નીતિ-નિયમો નીચે મુજબ છે.

(૧) જે જગ્યાએ સ્કૂલમાં ભોજન માટે ની વ્યવસ્થા કરવાના છીએ ત્યાં મહતમ ૧૦ સ્ટોલ બનાવવાના છીએ. જેની ન્યોછાવર રકમ માત્ર રૂા.૧૫૦૦/- બે દિવસ (તા. ૨૩.૧૨.૨૦૨૩ અને તા. ૨૪.૧૨.૨૦૨૩) માટે રહેશે. જે સવારે નાસ્તાના સમયમાં, બપોરે તેમજ સાંજે ભોજન સમયમાં ઉપયોગમાં લઈ શકાશે. (૨) સ્ટોલ રાખવાની ઈચ્છા ધરાવનાર જ્ઞાતિજન સંઘ કન્વીનર શ્રી કૌશિકભાઈ રસીકલાલ શાહ (મો : **98792 05464**) નો સંપર્ક કરી પોતાનો સ્ટોલ બુક કરવી શકે છે. (૩) સ્ટોલ આપવાનો સંપૂર્ણ નિર્ણય સંઘકન્વીનરશ્રીઓ ચર્ચા વિચારણાના અંતે લેશે. (૪) સ્ટોલમાં એક લાઇટ, એક પ્લગ પોઈન્ટ અને એક ટેબલ - ખુરશી આપવામાં આવશે. (૫) સ્ટોલની સાઇઝ ૭ ફુટ x ૭ ફુટ ની રહેશે.

## શ્રી નવગામ દશા દિશાવાળ વણિક જ્ઞાતિ સમાજ (બેંકની વિગત)

Bank : HDFC BANK
Branch : Ranip, Ahmedabad
A/c. No. : 50100644437181
IFSC CODE : HDFC0002480

પેમેન્ટ કર્યા પછી આપનું નામ, ગામ તેમજ પેમેન્ટની વિગત (સ્ક્રીન શોટ)
**ખજાનચી શ્રી કેતનભાઈ પરીખ**
મો : 99793 70311 ને મોકલવા વિનંતી.

# || LED સ્ક્રીન જાહેરાત ||

*"જો દિખતા હૈ વો બીકતા હૈ"*

આપણે સૌ જાણીએ છે કે હવે પછીનો યુગ ડિજિટલનો આવવાનો છે. આપણે આ વખતે સંઘમાં LED સ્ક્રીન મૂકીને જ્ઞાતિજનો માટે પોતાના વ્યવસાયની જાહેરાત કરી શકે તે માટેનું આયોજન કરવા જઈ રહ્યા છીએ. આ માટેની વિગત નીચે મુજબ છે.

૧) ફુલ પેજ - LED સ્ક્રીન (માત્ર - ફોટો) રૂ. ૫૦૦૦/-
૨) જાહેરાતનો વિડિયો (મહત્તમ ૩૦ સેકંડ-અવાજ વિનાનો) રૂ. ૧૦,૦૦૦/-
૩) જાહેરાત LED Screen ઉપર દિવસમાં ૨૦ - ૩૦ વખત લૂપમાં જોવા મળશે.
૪) આ ઉપરાંત જે પણ જ્ઞાતિજને સમાજમાં ૫૧,૦૦૦/- કે તેથી વધુની ભેટ આપેલ હશે તેમના એક ફોટો સાથેની જાહેરાત પણ આ LED Screen માં કરવામાં આવશે.

જાહેરાત આપવા માટે ઈચ્છા ધરાવનાર જ્ઞાતિજન સંઘ કન્વીનર શ્રી દક્ષેશભાઈ રજનીકાંત શાહ (મો : 98254 65845) નો સંપર્ક કરી શકે છે. આ ઉપરાંત કોઈ પણ જ્ઞાતિજન પોતાના મિત્ર વર્તુળમાથી પણ જાહેરાત લાવીને સમાજના વિકાસમાં પોતાનું યોગદાન આપી શકે છે.

# || સાંસ્કૃતિક કાર્યક્રમ ||

દર વખતે આપણે સંઘમાં બે દિવસ સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન કરીએ છીએ. જે અંતર્ગત તા. ૨૩.૧૨.૨૦૨૩ ને શનિવારના રોજ રાત્રે ૯.૦૦ કલાકે રાસ-ગરબાના કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ છે. આપ સર્વે જ્ઞાતિજનોને વિનંતી કે આપ શક્ય હોય તો ટ્રેડીશનલ વસ્ત્રો સાથે પધારશોજી. તા. ૨૪.૧૨.૨૦૨૩ને રવિવારના રોજ આપણાં જ જ્ઞાતિ સભ્યો દ્વારા તેમની અંદર છુપાઈ રહેલ પ્રતિભાને પ્રદર્શિત કરવા માટેના સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન કરવામાં આવનાર છે. આ કાર્યક્રમમાં કેરાઓકે ગીત, ડાન્સ, ગરબા (ગ્રુપમાં), મિમિક્રી, નૃત્યનાટિકા, મિનિ નાટક, સંગીત વાદ્ય વગાડવું વિગેરે જેવી વિવિધ કેટેગરીમાં પોતાનું નામ સાંસ્કૃતિક કાર્યક્રમની કમિટીના મુખ્ય સંયોજક શ્રીમતી દક્ષાબેન નરેન્દ્રભાઈ શાહ (મો : 94264 24555) ને તા.૧૦.૧૨.૨૦૨૩ સુધીમાં લખાવી શકે છે.

**એક નવીન વિચાર રૂપે આપણે તા.૨૩.૧૨.૨૦૨૩ ને શનિવારના રોજ નવગામના નવ ગામ પૈકી જે તે ગામના જ્ઞાતિજનોએ નીચે મુજબના કલરના વસ્ત્રો શક્ય હોય તો પહેરીને પોતાના ગામનું પ્રતિનિધિત્વ કરે તેવું આયોજન કરવામાં આવ્યું છે.**




**તા.૨૪-૧૨-૨૦૨૩, રવિવાર ને માતાજીની શોભાયાત્રા દરમિયાન દરેક જ્ઞાતિજનોને નમ્ર અપીલ કરવામાં આવે છે કે મહિલાઓ લાલ/મરૂન વસ્ત્રમાં તેમજ પુરુષો કેસરી/પીળા વસ્ત્ર પરિધાનમાં ઉપસ્થિત રહેશોજી.**

# || સ્મૃતિ ભેટ ||

(GIFT)

જ્ઞાતિસંઘના સમાપન દિવસે જ્ઞાતિ સમાજની ડીરેક્ટરીમાં તેમજ તાજેતરમાં ચલાવેલ નોંધણી અભિયાનમા નોંધાયેલ જ્ઞાતિજનોને રસોડા દીઠ સ્મૃતિભેટ તથા અન્નકૂટના પ્રસાદ કીટનું વિતરણ કરવામાં આવશે. જ્ઞાતિસંઘ પ્રસંગે હાજર રહેલ કુટુંબીજનોને જ આ કીટનું વિતરણ કરવામાં આવશે તેથી કુટુંબમાંથી મીનીમમ એક વ્યક્તિની હાજરી આવશ્યક ગણવામાં આવશે. તાજેતરની કારોબારી મીટીંગમાં સર્વસંમતિથી લેવાયેલ નિર્ણય પ્રમાણે અલગ અલગ ઘટકમાથી આપવામાં આવતી સ્મૃતિભેટની જગ્યાએ રોકડ રકમ લેવી અને તે રકમમાથી એક મોટી સ્મૃતિભેટ લાવવી.

| અન્ય જ્ઞાતિ ઘટકમાથી સંયુક્ત સ્મૃતિભેટ માટે આવેલ ભેટની યાદી | | |
|---|---|---|
| શ્રી અમદાવાદ નવગામ દશા દિશાવાળ વણિક જ્ઞાતિ મંડળ | અમદાવાદ | ૪૧,૦૦૦ |
| શ્રી વડોદરા નવગામ દશા દિશાવાળ વણિક મંડળ | વડોદરા | ૨૧,૦૦૦ |

શ્રી સિદ્ધાંબિકા માતાજીની કૃપા હરહંમેશ આપણી સાથે જ હોય છે અને તેમના આશીર્વાદ થકી આપણાં સમાજના લોકોની આર્થિક સ્થિતિ ઘણી સુધરી છે અને લોકો આર્થિક રીતે ઘણા સમૃદ્ધ થયા છે. આ વખતે પણ જ્ઞાતિસંઘ - ૨૦૨૩ માટેનો ઉત્સાહ અનેરો રહ્યો છે જે આપણને મળેલ યોગદાન થકી જાણી શકાય છે.

## જ્ઞાતિસંઘ - ૨૦૨૩ માટે મળેલ ભેટ ની યાદી.

| ક્રમ | દાતા નું નામ | ગામ | રકમ |
|---|---|---|---|
| | **સંઘપતિ ના દાતા** | | |
| ૧ | શ્રી ધનવંતભાઈ પોપટલાલ શાહ પરિવાર | અમદાવાદ | ૩,૫૧,૦૦૦ |
| | **અન્નકૂટ ના દાતા** | | |
| ૧ | અ. સૌ. કાન્તાબેન વ્રજલાલ પરીખ પરિવાર | સિદ્ધપુર | ૧,૭૫,૦૦૧ |
| | **સ્પોર્ટ્સ ડે પોગ્રામના દાતા (તા.૨૨-૧૨-૨૦૨૩)** | | |
| ૧ | બાકી | | |
| ૨ | બાકી | | |
| ૩ | બાકી | | |
| | **સાંસ્કૃતિક પોગ્રામના દાતા (તા.૨૩-૧૨-૨૦૨૩)** | | |
| ૧ | શ્રી નૈમેશભાઈ મધુસૂદન શાહ | USA | ૧,૦૦,૦૦૦ |
| ૨ | શ્રીમતી તરલિકાબેન મુકુદચંદ્ર શાહ ( હસ્તે -ધર્મેન્દ્રભાઈ તથા ગોપીબેન) | USA | ૧,૦૦,૦૦૦ |
| ૩ | બાકી | | |
| | **સાંસ્કૃતિક પોગ્રામના દાતા (તા.૨૪-૧૨-૨૦૨૩)** | | |
| ૧ | સ્વ. શારદાબેન અમરતલાલ શાહ (હસ્તે- યોગેશભાઈ, હર્ષિદાબેન) | અમદાવાદ | ૧,૦૦,૦૦૦ |
| ૨ | શ્રી નરેન્દ્રભાઈ પોપટલાલ શાહ તથા ભુપેન્દ્રભાઈ પોપટલાલ શાહ | અમદાવાદ | ૧,૦૦,૦૦૦ |
| ૩ | શ્રીમતી પુષ્પાવતીબેન મધુસુદનભાઈ શેઠ | મુંબઈ | ૧,૦૦,૦૦૦ |
| | **માતાજી અભિષેક, પાદુકા પૂજન, આરતી (તા.૨૩-૧૨-૨૦૨૩)** | | |
| ૧ | ડૉ. ઉપેન્દ્રભાઈ બાબુલાલ ગાંધી (હસ્તે - અર્પિત-ઋજુતા તથા પ્રતિક - આરજુ) | અમદાવાદ | ૭૧,૦૦૦ |
| | **માતાજી મંદિર લાઈટ સુશોભનના દાતા** | | |
| ૧ | શ્રીમતી આશાબેન નવીનચંદ્ર પરીખ (હસ્તેઃ કેતનભાઈ, ઉમંગભાઈ, પરાગભાઈ) | અમદાવાદ | ૩૫,૦૦૦ |
| | **જ્ઞાતિ સંઘ - ભેટ દાતાશ્રી** | | |
| ૧ | શ્રીમતી મીનાક્ષીબેન ઉમેશભાઈ પરીખ (હસ્તે : ઉમેશભાઈ મોહનલાલ પરીખ) | અમદાવાદ | ૭૧,૦૦૦ |
| ૨ | સ્વ. અંબાલાલ ગિરધરલાલ શાહ તથા સ્વ. અ. સૌ. શારદાબેન અંબાલાલ શાહ (હસ્તે- રાશિ , હેત, માહીર ) | મુંબઈ | ૫૧,૧૧૧ |
| ૩ | શ્રીમતી કૈલાસબેન ગોવિંદભાઈ શેઠ (હસ્તે : ધર્મેશભાઈ, મિતેશભાઈ) | અમદાવાદ | ૫૧,૦૦૦ |
| ૪ | શ્રીમતી સીતાબેન કનૈયાલાલ શાહ (હસ્તે : કનૈયાલાલ ભીખાલાલ શાહ) | અમદાવાદ | ૫૧,૦૦૦ |
| ૫ | શ્રીમતી પન્નાબેન વિનોદચંદ્ર શાહ (હસ્તે : ભારત - તૃપ્તિ) | સિદ્ધપુર | ૫૧,૦૦૦ |
| ૬ | શ્રીમતી કપિલાબેન રસીકલાલ શાહ (હસ્તે : કૌશિકભાઈ, પંકજભાઈ) | મહેસાણા | ૫૧,૦૦૦ |
| ૭ | શ્રીમતી પ્રેમિલાબેન રજનીકાંતભાઈ શાહ (હસ્તે : દક્ષેશભાઈ) | અમદાવાદ | ૫૧,૦૦૦ |
| ૮ | શ્રી સુનિલભાઈ પોપટલાલ ગાંધી | અમદાવાદ | ૫૧,૦૦૦ |
| ૯ | શ્રી ચીમનલાલ અમૃતલાલ શાહ પરિવાર | અમદાવાદ | ૫૧,૦૦૦ |
| ૧૦ | શ્રી દશરથલાલ અમૃતલાલ પરીખ | અમદાવાદ | ૫૧,૦૦૦ |
| ૧૧ | શ્રી બબલદાસ રણછોડદાસ શાહ | ઉંઝા | ૫૧,૦૦૦ |
| ૧૨ | શ્રી મહેશભાઈ વ્રજલાલ શાહ | મહેસાણા | ૫૧,૦૦૦ |
| ૧૩ | શ્રી નવીનચંદ્ર વાડીલાલ ગાંધી | મહેસાણા | ૫૧,૦૦૦ |
| ૧૪ | શ્રી અશોકકુમાર બાબુલાલ શાહ (હસ્તે : ડૉ. તેજસભાઈ શાહ) | અમદાવાદ | ૫૧,૦૦૦ |
| ૧૫ | શ્રીમતી કંચનબેન ઘનશ્યામભાઈ શાહ | અમદાવાદ | ૫૧,૦૦૦ |
| ૧૬ | શ્રી મધુસુદન માણેકલાલ શાહ | અમદાવાદ | ૫૧,૦૦૦ |
| ૧૭ | શ્રી નરેન્દ્રભાઈ પ્રહલાદજી શાહ | અમદાવાદ | ૫૧,૦૦૦ |

## જ્ઞાતિ સંઘ – ભેટ દાતાશ્રી

| | | | |
|---|---|---|---|
| ૧૮ | શ્રી અરવિંદભાઈ કાંતિલાલ શેઠ ( હસ્તે.- જયેશભાઈ, યોગેશભાઈ) | મુંબઈ | ૫૧,૦૦૦ |
| ૧૯ | શ્રી અશ્વિનભાઈ પુરષોતમદાસ શાહ | મુંબઈ | ૫૧,૦૦૦ |
| ૨૦ | શ્રીમતી સવિતાબેન ગોવિંદલાલ શાહ (હસ્તે- હિતેશભાઈ , કિરણભાઈ ) | અમદાવાદ | ૫૧,૦૦૦ |
| ૨૧ | શ્રી રમેશચંદ્ર માણેકલાલ શાહ ( હસ્તે- જીગ્નેશભાઈ) | અમદાવાદ | ૫૧,૦૦૦ |
| ૨૨ | શ્રી ભરતભાઈ અમથાલાલ શાહ (હસ્તે- ડો. સૌમિલ શાહ ) | અમદાવાદ | ૫૧,૦૦૦ |
| ૨૩ | શ્રી અશેષભાઈ એલ પરીખ | મહેસાણા | ૫૧,૦૦૦ |
| ૨૪ | શ્રી ધર્મેશભાઈ કોઠારી | અમદાવાદ | ૫૧,૦૦૦ |
| ૨૫ | શ્રીમતી શોભનાબેન કનુભાઈ શાહ (હસ્તે : મનિષાબેન મુકેશભાઈ શાહ-સુરત) | મહેસાણા | ૫૧,૦૦૦ |
| ૨૬ | શ્રીમતી લલિતાબેન બચુભાઈ શાહ (હસ્તે : ભાવેશભાઈ, ધવલભાઈ) | અમદાવાદ | ૩૧,૦૦૦ |
| ૨૭ | શ્રી નારણદાસ અમૃતલાલ પરીખ (હસ્તે : મહેશભાઈ, કમલેશભાઈ) | અમદાવાદ | ૩૧,૦૦૦ |
| ૨૮ | શ્રી પ્રહલાદજી મોહનલાલ શાહ (હસ્તે : અજયભાઈ, મુકેશભાઈ) | સિદ્ધપુર | ૩૧,૦૦૦ |
| ૨૯ | શ્રી કેયૂરકુમાર પ્રમોદચંદ્ર પરીખ | અમદાવાદ | ૩૧,૦૦૦ |
| ૩૦ | શ્રી અજીતભાઈ રતીલાલ શાહ (હસ્તે - મિહિર શાહ) | અમદાવાદ | ૩૧,૦૦૦ |
| ૩૧ | સ્વ. સુમિત્રાબેન કનૈયાલાલ શાહ (હસ્તે : સુનિલભાઈ શાહ) | મુંબઈ | ૨૧,૧૧૧ |
| ૩૨ | શ્રી શંકરલાલ મગનલાલ શાહ (હસ્તે : ચેતનભાઈ) | સિદ્ધપુર | ૨૧,૦૦૦ |
| ૩૩ | શ્રી કૃષ્ણકાંતભાઈ શેઠ (હસ્તે : વિભાવનભાઈ ) | અમદાવાદ | ૨૧,૦૦૦ |
| ૩૪ | સ્વ. ઘનશ્યામભાઈ ઈશ્વરલાલ શાહ (હસ્તે : ધર્મેશભાઈ) | વિસનગર | ૨૧,૦૦૦ |
| ૩૫ | સ્વ. સુભદ્રાબેન રતિલાલ શેઠ (હસ્તે : વિરેન્દ્રભાઈ) | અમદાવાદ | ૨૧,૦૦૦ |
| ૩૬ | સ્વ. હિરાલાલ ઈશ્વરલાલ શાહ (હસ્તે : શૈલેષભાઈ ) | અમદાવાદ | ૨૧,૦૦૦ |
| ૩૭ | શ્રીમતી ઉષાબેન જયંતભાઈ શેઠ (હસ્તે : જયંતભાઈ ) | સિદ્ધપુર | ૨૧,૦૦૦ |
| ૩૮ | શ્રી વિવેકભાઈ અશોકભાઈ શાહ | અમદાવાદ | ૨૧,૦૦૦ |
| ૩૯ | શ્રીમતી પ્રજ્ઞાબેન કૌશિકભાઈ શાહ (હસ્તે - વિવેકભાઈ) | મહેસાણા | ૨૧,૦૦૦ |
| ૪૦ | શ્રી યશ દિલીપભાઈ શાહ | કેનેડા | ૨૧,૦૦૦ |
| ૪૧ | શ્રી ઝલક પ્રકાશભાઈ શાહ | કલોલ | ૨૧,૦૦૦ |
| ૪૨ | શ્રી વિરલ ભાઈ સુનિલભાઈ ગાંધી | અમદાવાદ | ૨૧,૦૦૦ |
| ૪૩ | શ્રી રમેશચંદ્ર મણીલાલ પરીખ ( હસ્તે- રાકેશભાઈ, આશિષભાઈ ) | છાપી | ૨૧,૦૦૦ |
| ૪૪ | શ્રી ભુપેન્દ્રભાઈ પોપટલાલ શાહ | મહેસાણા | ૨૧,૦૦૦ |
| ૪૫ | સ્વ. સુભદ્રાબેન કાંતિલાલ પરીખ (હસ્તે - પ્રશાંતભાઈ , મિતેશભાઈ ) | અમદાવાદ | ૨૧,૦૦૦ |
| ૪૬ | શ્રી અમીતકુમાર બાબુલાલ ગાંધી | અમદાવાદ | ૨૧,૦૦૦ |
| ૪૭ | શ્રી પ્રકાશભાઈ શાંતિલાલ શાહ (હસ્તે-CA અતીત શાહ ) | અમદાવાદ | ૨૧,૦૦૦ |
| ૪૮ | શ્રીમતી ગીતાબેન પ્રકાશભાઈ શાહ (હસ્તે- વ્રજેશભાઈ, નિલેષભાઈ, વંદનાબેન) | ઉંધના | ૨૧,૦૦૦ |
| ૪૯ | શ્રીમતી ઊર્મિલાબેન રજનીકાંતભાઈ શાહ ( હસ્તે- પ્રદીપભાઈ શાહ ) | મહેસાણા | ૨૧,૦૦૦ |
| ૫૦ | શ્રી હરેશકુમાર વ્રજલાલ શાહ | મહેસાણા | ૨૧,૦૦૦ |
| ૫૧ | શ્રીમતી કાન્તાબેન બાબુલાલ શાહ (હસ્તે- શૈલેષભાઈ, કૌશિકભાઈ, જયેશભાઈ) | સિદ્ધપુર | ૨૧,૦૦૦ |
| ૫૨ | સ્વ. ગોદાવરીબેન કાંતિલાલ શાહ તથા ધર્મિષ્ઠાબેન જસવંતલાલ શાહ (હસ્તે-જસવંતભાઈ, પંકજભાઈ, વિજયભાઈ) | પાલનપુર | ૨૧,૦૦૦ |
| ૫૩ | સ્વ. નવીનચંદ્ર હીરાલાલ શાહ (હસ્તે ભાનુબેન નવીનચંદ્ર શાહ) | અમદાવાદ | ૨૧,૦૦૦ |
| ૫૪ | સ્વ. કનૈયાલાલ ચીમનલાલ શાહ (હસ્તે : રશ્મિબેન કનૈયાલાલ શાહ, અર્ચન કનૈયાલાલ શાહ) | અમદાવાદ | ૨૧,૦૦૧ |
| ૫૫ | શ્રીમતી જસોદાબેન શકરાલાલ શાહ (હ. ઇંદ્રવદનભાઈ,કનુભાઈ, અશોકભાઈ) | મુંબઈ | ૧૫,૦૦૦ |
| ૫૬ | શ્રીમતી તારાબેન મનહરલાલ પરીખ | સિદ્ધપુર | ૧૧,૫૨૫ |
| ૫૭ | શ્રી યોગેશભાઇ જયંતિલાલ શાહ | વડોદરા | ૧૧,૧૧૧ |
| ૫૮ | શ્રી મણિલાલ મગનલાલ શાહ (હસ્તે - ભગવાનભાઈ ) | સિદ્ધપુર | ૧૧,૦૦૦ |
| ૫૯ | શ્રી હિરાલાલ નરોત્તમદાસ શાહ (હસ્તે - હિતેન્દ્રભાઈ) | પાલનપુર | ૧૧,૦૦૦ |
| ૬૦ | શ્રી પોપટલાલ સોમાલાલ પરીખ (હસ્તે - કલ્પેશભાઈ ) | છાપી | ૧૧,૦૦૦ |
| ૬૧ | ડૉ. અભિષા ભારતભાઈ શાહ | અમદાવાદ | ૧૧,૦૦૦ |
| ૬૨ | શ્રી હેત નિલેષભાઈ શાહ | ડીસા | ૧૧,૦૦૦ |
| ૬૩ | શ્રી સંકેતભાઈ ધનવંતભાઈ શાહ | અમદાવાદ | ૧૧,૦૦૦ |
| ૬૪ | શ્રી હાર્દિકભાઈ ધનવંતભાઈ શાહ | અમદાવાદ | ૧૧,૦૦૦ |
| ૬૫ | શ્રી નિશાંત કલ્પેશકુમાર પરીખ | છાપી | ૧૧,૦૦૦ |
| ૬૬ | શ્રી જીગરભાઈ નયનકુમાર શાહ | મહેસાણા | ૧૧,૦૦૦ |
| ૬૭ | શ્રી શશીકાન્તભાઈ સોમચંદભાઈ શાહ ( હસ્તે- જયેન્દ્રભાઈ) | વિસનગર | ૧૧,૦૦૦ |
| ૬૮ | શ્રી કિરીટભાઈ બબલદાસ શાહ | મહેસાણા | ૧૧,૦૦૦ |
| ૬૯ | સ્વ. શાંતાબેન પોપટલાલ શાહ (હસ્તે - ગિરીશભાઈ શાહ) | પાલનપુર | ૧૧,૦૦૦ |
| ૭૦ | શ્રી દિનેશચંદ્ર અમૃતલાલ શાહ ( હસ્તે- હાર્દિપભાઈ શાહ) | પાલનપુર | ૧૧,૦૦૦ |

## જ્ઞાતિ સંઘ – ભેટ દાતાશ્રી

| | | | |
|---|---|---|---|
| ૭૧ | સ્વ. ભીખાલાલ અમૃતલાલ શાહ ( હસ્તે- કૃષ્ણભાઈ શાહ ) | પાલનપુર | ૧૧,૦૦૦ |
| ૭૨ | સ્વ. હસમુખલાલ ગણપતરામ શેઠ ( હસ્તે- પંકજભાઈ શેઠ ) | સિદ્ધપુર | ૧૧,૦૦૦ |
| ૭૩ | સ્વ. કપિલાબેન પ્રેમાનંદદાસ શેઠ (બાબુભાઈ સરૈયા) (હસ્તે-પ્રદીપકુમાર પ્રેમાનંદદાસ શેઠ) | સિદ્ધપુર | ૧૧,૦૦૦ |
| ૭૪ | શ્રીમતી મંજુલાબેન બાબુલાલ શાહ | અમદાવાદ | ૧૧,૦૦૦ |
| ૭૫ | સ્વ. રમણલાલ છોટાલાલ શાહ ( હસ્તે - રાજનભાઈ-કિરીટભાઈ) | અમદાવાદ | ૧૧,૦૦૦ |
| ૭૬ | શ્રી કાંતિલાલ ભોગીલાલ શાહ ( હસ્તે-સુરેશભાઇ, કનુભાઈ, દિનેશભાઇ ) | સુરત | ૧૧,૦૦૦ |
| ૭૭ | સ્વ. રજનીકાન્ત ગોકળદાસ ગાંધી પરીવાર | મહેસાણા | ૧૧,૦૦૦ |
| ૭૮ | શ્રીમતી રસીલાબેન પી. ગાંધી ( હસ્તે- ભાવેશભાઈ તથા કિરણભાઈ ) | વડોદરા | ૧૧,૦૦૧ |
| ૭૯ | સ્વ. મંગળાગૌરી શાંતિલાલ શાહ ( હસ્તે - કિરણભાઇ શાંતિલાલ શાહ ) | અમદાવાદ | ૧૧,૦૦૧ |
| ૮૦ | શ્રી રાકેશભાઈ વિનોદચંદ્ર શેઠ | અમદાવાદ | ૧૧,૦૦૦ |
| ૮૧ | શ્રી ભીખાલાલ ઈશ્વરલાલ શાહ (હસ્તે : ઉમેશભાઇ) | અમદાવાદ | ૧૧,૦૦૦ |
| ૮૨ | સ્વ. બાબુલાલ મણિલાલ પરીખ ( હસ્તે- યોગેશભાઈ તથા ચંદ્રકાંતભાઈ) | અમદાવાદ | ૧૧,૦૦૧ |
| ૮૩ | શ્રીમતી પ્રેમિલાબેન મહેશભાઇ શાહ (હસ્તે : હીનાબેન-રાકેશભાઈ, બીજલબેન-ઉદયભાઈ ) | સિદ્ધપુર | ૧૧,૦૦૧ |
| ૮૪ | શ્રીમતી કંચનબેન ઉપેન્દ્રભાઈ શાહ (હસ્તે : ઉર્વશીબેન સંદીપભાઈ શાહ) | અમદાવાદ | ૧૧,૦૦૦ |
| ૮૫ | શ્રીમતી મીનાક્ષીબેન બાબુલાલ શાહ (હસ્તે : અજયભાઈ શાહ) | અમદાવાદ | ૧૧,૦૦૦ |
| ૮૬ | શ્રી ઘનશ્યામભાઈ મણિલાલ શાહ ( હસ્તે - કિર્તિભાઈ તથા રાકેશભાઈ શાહ ) | વડોદરા | ૮,૫૦૦ |
| ૮૭ | શ્રીમતી અરૂણાબેન શશીકાન્તભાઈ ગાંધી (હસ્તે-ધવલભાઈ ગાંધી) | વડોદરા | ૭,૭૭૭ |
| ૮૮ | સ્વ. સુરેખાબેન ચીમનલાલ શાહ ( હસ્તે- મીનાબેન યોગેશભાઈ શેઠ) | મુંબઈ | ૫,૫૦૦ |
| ૮૯ | શ્રીમતી ચાંદનીબેન અમિતકુમાર ભટ્ટ (મીનાબેન યોગેશભાઈ શેઠ ની દિકરી ) | મુંબઈ | ૫,૫૦૦ |
| ૯૦ | શ્રી હસમુખલાલ હિરાલાલ શાહ ( હસ્તે - મૌલિકભાઈ શાહ ) | પાલનપુર | ૫,૦૦૦ |
| ૯૧ | શ્રી પ્રદીપભાઈ રમણલાલ શાહ | અમદાવાદ | ૫,૦૦૦ |
| ૯૨ | શ્રી બાલકૃષ્ણ જયંતિલાલ શાહ | વડોદરા | ૨,૫૦૦ |

## સવાર ના ચા-કોફી – નાસ્તાના દાતાશ્રી

| | | | |
|---|---|---|---|
| ૧ | શ્રી ઉમેશભાઈ રમણલાલ શાહ | અમદાવાદ | ૨૧,૦૦૦ |
| ૨ | સ્વ. મહેન્દ્રભાઈ નટવરલાલ શાહ ( હસ્તે -સંજયભાઈ શાહ ) | વિસનગર | ૨૧,૦૦૦ |
| ૩ | શ્રીમતી ધનલક્ષ્મીબેન જયંતિલાલ શાહ | મુંબઈ | ૨૧,૦૦૦ |

## બપોરના ચા-નાસ્તાના દાતાશ્રી

| | | | |
|---|---|---|---|
| ૧ | શ્રી પરીન અશોકભાઇ શાહ | અમદાવાદ | ૧૫,૦૦૦ |
| ૨ | શ્રીમતી હેમંગીનીબેન નવીનચંદ્ર ગાંધી | મહેસાણા | ૧૫,૦૦૦ |
| ૩ | શ્રીમતી નિર્મળાબેન બિપિનભાઈ શેઠ | મહેસાણા | ૧૫,૦૦૦ |
| ૪ | શ્રીમતી ધનલક્ષ્મીબેન જયંતિલાલ શાહ | મુંબઈ | ૧૫,૦૦૦ |

આ જ્ઞાતિસંઘ આપણાં સૌનો છે. એટલે કે આપણે જ યજમાન છીએ અને આપણે જ મહેમાન છીએ. આ વખતે યજમાન તરીકે આપણાં સૌની એ ફરજ રહેશે કે આપણાં ત્યાં આવનાર મહેમાનોને આપણે શક્ય તેટલી બધી જ સગવડ આપીએ અને તેમને કોઈ જ તકલીફ ના પાડવા દઈએ અને મહેમાન તરીકે પણ આપણી સૌની ફરજ બનશે કે આપણે આપણાં યજમાન દ્વારા(સંઘ કન્વીનરશ્રી તથા તમામ કારોબારી સભ્યો દ્વારા) આપી શકાય તેટલી સગવાડોમાં નિભાવી લઈએ અને વધારાની કે પૂરી પાડી ન શકાય તેવી કોઈ જ માંગણીઓ કરી તેમને તકલીફમાં ન મુકીએ.

આપણાં સૌને ખબર છે કે આપણાં કુળદેવી માતાજીનું સ્થાનક જુના ડીસા એવી જગ્યાએ આવેલ છે કે જ્યાં ઘણી બધી સગવડો જેવી કે રહેઠાણ માટેના પૂરતા આવાસ, જમવા માટેના સારા રેસ્ટોરન્ટ કે પૂરતા પાણીનો જથ્થો વગેરે પ્રાપ્ય નથી. આવા સમયે જે કઈ મળી શકે તેમ છે તેમાં જ આપણે ચલાવવાનું છે અને તેનો આનંદ લેવાનો છે.

લગભગ ૧૦૦૦ થી પણ વધુ સંખ્યામાં આપણે આ સંઘમાં ભેગા થવા જઈ રહ્યા છીએ ત્યારે શક્ય છે કે ઘણી અગવડો પડશે. અમારો પથમ પ્રયત્ન જ્ઞાતીના વયસ્ક વડીલો અને ત્યારબાદ જ્ઞાતિની બહેનો-બાળકોને સાચવવાનો અને વધુમાં વધુ સગવડ આપવાનો રહશે અને ત્યારબાદ અન્ય જ્ઞાતિજનો માટે.

અમારી આપ સૌને નમ્ર વિનંતી છે કે અગવડોમાં પણ સગવડો માણશો અને યજમાન તથા મહેમાનનો સંયુક્ત ધર્મ બજાવી આ પ્રસંગને ઉત્સાહ અને આનંદપૂર્વક ઉજવશો.

**અમો છીએ આપના જ ઋણાનુરાગી....**

સંઘ કન્વીનર

**શ્રી રજનીકાંતભાઈ વૃજલાલ પરીખ**
ટ્રસ્ટ ચેરમેનશ્રી
**શ્રી અશોકભાઈ કનૈયાલાલ શાહ**
પ્રમુખશ્રી
**શ્રી ધર્મેશભાઈ ગોવિંદભાઈ શાહ**
મંત્રીશ્રી

**શ્રી કૌશિકભાઈ રસિકલાલ શાહ**
મો : 98792 05464
**શ્રી સુનિલભાઈ પોપટલાલ ગાંધી**
મો : 98252 44112
**શ્રી દક્ષેશભાઈ રજનીકાંતભાઈ શાહ**
મો : 98254 65845

**શ્રી ભારતભાઈ વિનોદચંદ્ર શાહ**
ઉપપ્રમુખશ્રી
**શ્રી કેતનભાઈ નવીનચંદ્ર પરીખ**
ખજાનચીશ્રી
**શ્રી સમીરભાઈ નવીનચંદ્ર પરીખ**
સહમંત્રીશ્રી

# શ્રી નવગામ દશા દિશાવાળ વણિક જ્ઞાતિ સમાજ

ટ્રસ્ટ રજી.નં. એ–૮૫૫, પાટણ(૧–૨–૨૦૦૫) • IT PAN : AAFTS4157B

**બી/૧૬, મારૂતિ કોમ્પ્લેક્ષ, સિદ્ધરાજ જયસિંહ રોડ, સિદ્ધપુર–૩૮૪૧૫૧.**

| | | |
|---|---|---|
| **પ્રમુખ : શ્રી અશોકભાઇ કનૈયાલાલ શાહ**<br>બી/૪૩, પારસપ્રભુ સોસાયટી,<br>વિશાલનગર સામે, ઇસનપુર, અમદાવાદ.<br>M.: 94261 80459 | ટ્રસ્ટ ચેરમેન : શ્રી રજનીકાંત વ્રજલાલ પરીખ<br>ઉપપ્રમુખ : શ્રી ભારતભાઇ વિનોદચંદ્ર શાહ<br>ખજાનચી : શ્રી કેતનભાઇ નવીનચંદ્ર પરીખ<br>સહમંત્રી : શ્રી સમીરભાઇ નવીનચંદ્ર ગાંધી | **મંત્રી : શ્રી ધર્મેશભાઇ ગોવિંદભાઇ શાહ**<br>બી/૨૬, આસોપાલવનગર સોસાયટી,<br>આનંદવાડી બસ સ્ટેન્ડની સામે, જયમાલા ચાર રસ્તા પાસે,<br>ઇસનપુર, ઘોડાસર, અમદાવાદ. M.: 99798 66022 |

**સંઘ કન્વીનરશ્રી**

શ્રી કૌશિકભાઇ રસીકલાલ શાહ–98792 05464 * શ્રી સુનીલભાઇ પોપટલાલ ગાંધી–98252 44112 * શ્રી દક્ષેશભાઇ રજનીકાંત શાહ–98254 65845

## જ્ઞાતિસંઘ–૨૦૨૩ રજીસ્ટ્રેશન ફોર્મ

**તા.૨૨–૧૨–૨૦૨૩ થી તા.૨૫–૧૨–૨૦૨૩**

તા.________________

સંઘ કન્વીનરશ્રી,

શ્રી નવગામ દશા દિશાવાળ વણિક જ્ઞાતિ સમાજ, સિધ્ધપુર.

આપણા જ્ઞાતિ સમાજ દ્વારા, શ્રી સિધ્ધાંબિકા માતાજીના સાનિધ્યમાં યોજાયેલ જ્ઞાતિસંઘ પ્રસંગે અમારા કુટુંબમાંથી નીચેના પરિવારજનો ઉપસ્થિત રહેવાના છીએ, તેમનું રજીસ્ટ્રેશન નોંધવા વિનંતી છે.

નામ ____________________________________________

સરનામું ____________________________________________

____________________________________________ ☐☐☐☐☐☐

ફોન (STD Code) ______________ (R) ______________ (M) ______________

**જ્ઞાતિસંઘ દરમ્યાન રોકાણની વિગત :** આગમનની તા.______________ આશરે સમય :________

| પરિવારજનોની વિગત | | મા.સુદ–૧૧, શુક્રવાર તા.૨૨.૧૨.૨૦૨૩ | મા.સુદ–૧૨, શનિવાર તા.૨૩.૧૨.૨૦૨૩ | મા.સુદ–૧૩, રવિવાર તા.૨૪.૧૨.૨૦૨૩ | મા.સુદ–૧૪, સોમવાર તા.૨૫.૧૨.૨૦૨૩ | Remarks |
|---|---|---|---|---|---|---|
| | | ભોજન<br>☐ ફરાળી ☐ રેગ્યુલર ☐ વૈષ્ણવ | ભોજન<br>☐ રેગ્યુલર ☐ વૈષ્ણવ | ભોજન<br>☐ રેગ્યુલર ☐ વૈષ્ણવ | ભોજન<br>☐ રેગ્યુલર ☐ વૈષ્ણવ | |
| પુરૂષ સંખ્યા | સામાન્ય | | | | | |
| | ૬૫ વર્ષથી વધુ | | | | | |
| સ્ત્રી સંખ્યા | સામાન્ય | | | | | |
| | ૬૫ વર્ષથી વધુ | | | | | |
| બાળકો | ૧૨ વર્ષથી નાના | | | | | |
| | ૫ વર્ષથી નાના | | | | | |
| કુલ સંખ્યા | | | | | | |

વિશેષ વિગત : ____________________________________________

**હોટલમાં રોકાણ માટે નીચે મુજબની હોટલ, ઉતારા કમિટીના મુખ્ય સંયોજક શ્રીને પુછીને ઉપલબ્ધતા અનુસાર પસંદ કરીને તે મુજબના રૂપિયા મોકલાવવા વિનંતી**

| | |
|---|---|
| **હોટેલ અનંતતારા ગ્રીન**<br>રૂ. ૨૦૨૦/- (૧૨% GST સાથે) બે વ્યક્તિ માટેનો ચાર્જ<br>એકસ્ટ્રા વ્યક્તિ ૫૦૦/- પ્રતિ વ્યક્તિ | **હોટેલ પુષ્પાંજલી**<br>રૂ. ૧૮૦૦/- (૧૨% GST સાથે) બે વ્યક્તિ માટેનો ચાર્જ<br>એકસ્ટ્રા વ્યક્તિ ૨૦૦/- પ્રતિ વ્યક્તિ |
| **હોટેલ ડીસન્ટ**<br>રૂ. ૧૬૧૫/- (૧૨% GST સાથે) ત્રણ વ્યક્તિ માટેનો ચાર્જ<br>એકસ્ટ્રા વ્યક્તિ ૪૦૦/- પ્રતિ વ્યક્તિ | **હોટેલ દિપક**<br>રૂ. ૧૨૦૦/- (૧૨% GST સાથે) ત્રણ વ્યક્તિ માટેનો ચાર્જ<br>એકસ્ટ્રા વ્યક્તિ ૪૦૦/- પ્રતિ વ્યક્તિ |

**અન્ય જ્ઞાતિમાં પરણાવેલ બહેન–દીકરીઓએ પણ આ ફાર્મ ભરવું આવશ્યક છે.**

લિ. આપનો સ્નેહાધિન ______________________

(૧) વૃધ્ધ–અશક્ત જ્ઞાતિજનો માટે અનુકુળતા મુજબ રહેવાની અલગ વ્યવસ્થા કરવામાં આવશે.

(૨) રોકાણની વિગત ભોજન–ચા/નાસ્તાની વ્યવસ્થા જળવાય તે હેતુસર મંગાવેલ છે, તેથી શક્યતા ચોક્કસ માહિતિ આપવા વિનંતી છે.

(૩) જ્ઞાતિસંઘના આયોજનમાં યોગ્ય વ્યવસ્થા જળવાય તે હેતુસર રજીસ્ટ્રેશન ફોર્મ તા.૧૦–૧૨–૨૦૨૩ સુધીમાં **રજીસ્ટ્રેશન કમીટીના મુખ્ય સંયોજક શ્રી હાર્દિકભાઇ મહેશભાઇ શાહ** (મો : 99258 99669) અને **શ્રી સમીરભાઇ ગાંધી** (મો : 98250 71287)ના મોબાઇલ ઉપર વોટસએપ કરીને અથવા જ્ઞાતિ સમાજના ઇ–મેલ પર મોકલી આપવું આવશ્યક છે. જે જ્ઞાતિજનોએ એડવાન્સમાં રજી. ફોર્મ મોકલેલ નહીં હોય તેમના માટે જ્ઞાતિ સમાજ દ્વારા કરાયેલ રોકાણ–ભોજન વ્યવસ્થા તેમણે માન્ય રાખવી પડશે.

(૪) જ્ઞાતિ સમાજ દ્વારા ફાળવવામાં આવેલ રોકાણ વ્યવસ્થાને બદલે હોટલમાં રોકાણ કરવા ઇચ્છતા જ્ઞાતિજનો માટે નવાડીસામાં હોટલના બુકીંગની વ્યવસ્થા ગોઠવેલ છે. જ્ઞાતિજનોએ એડવાન્સ ડીપોઝીટની રકમ આપીને અગાઉથી તા.૧૦–૧૨–૨૦૨૩ સુધીમાં પોતાનું નામ **ઉતારા કમિટીના મુખ્ય સંયોજક શ્રી ભારતભાઇ શાહ** (મો : 82385 11122) અને **શ્રી સમીરભાઇ ગાંધી** (મો : 98250 71287)નો સંપર્ક કરીને બુક કરાવી શકે છે.